# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/07/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાત દેશમાં ડેટા સેન્ટર સ્થાપના માટે બેસ્ટ ડેસ્ટિનેશન બનશે - 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી 2026-29' જાહેર કરાઇ.**
2. **કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ આગામી સમયમાં ખાનગી બસ માટે બસ પોર્ટ બનાવવાની જાહેરાત કરી.**
3. **પૂરથી અસરગ્રસ્ત દક્ષિણ ગુજરાતની મુલાકત લેતા મુખ્યમંત્રી – સુરતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અસરગ્રસ્તો સાથે મુલાકાત કરી.**
4. **ICMAI દ્વારા CMA ફાઉન્ડેશનનું પરિણામ જાહેર કરાયું – અમદાવાદના મનોજ પટેલે ઓલ ઈન્ડિયામાં 9મો રેન્ક મેળવ્યો.**
5. **રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું - આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# DATA POLICY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી **2026-29'**નું લોન્ચિંગ કરતા જણાવ્યુ કે, આ પોલિસી દ્વારા ગુજરાત દેશમાં ડેટા સેન્ટર સ્થાપના માટે બેસ્ટ ડેસ્ટિનેશન બનશે.

શ્રી પટેલે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ભારત વિશ્વના સૌથી મોટા ડેટા યુઝર અને ડેટા ઉત્પાદક દેશોમાં સ્થાન મેળવી રહ્યું છે. ડિજિટલ યુગમાં ડેટા જ વિકસિત ભારતના આર્થિક વિકાસનો નવો આધાર બની ડિજિટલ અર્થવ્યવસ્થાને નવી દિશા આપી રહ્યો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની મજબુત વિશ્વસનીયતાને કારણે આ પોલિસીની 7.5 ગીગાવોટની ક્ષમતા સામે દેશ વિદેશની અગ્રણી કંપનીઓના તેના કરતાં બમણી ક્ષમતાની માંગ સાથેના માંગણી પત્રો સરકારને મળ્યા છે.

ડેટા સેન્ટરમાં સૌથી વધુ વીજળી અને પાણીની જરૂરિયાત હોવાથી આ પોલિસી હેઠળ ડેટા સેન્ટરોમાં વપરાતી કુલ ઉર્જામાંથી 51 ટકા ઉર્જા ફરજિયાતપણે હરિત ઉર્જા જ વાપરવી પડશે, જેથી દરિયાના પાણીને મીઠું કરવા માટેના ડીસેલીનેશન પ્લાન્ટ પર ભાર મૂકીને પાણી પુરવઠો આપવામાં આવશે.

**BYTE – HARSH SANGHVI, DYCM**

# NITIN GADAKARI

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ આગામી સમયમાં ખાનગી બસ માટે બસ પોર્ટ બનાવવાની જાહેરાત કરી.

ગાંધીનગરમાં મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ શો 'પ્રવાસ' ના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતા તેમણે દેશના અર્થતંત્ર અને પ્રગતિમાં પરિવહન ક્ષેત્રના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જાહેર પરિવહનને સુવિધાજનક, આર્થિક રીતે પરવડે તેવું અને સુલભ બનાવવાની ઓપરેટરોને અપીલ કરી હતી.

## BYTE – NITIN GADAKARI, MINISTER OF ROAD TRANSPORT AND HIGHWAYS OF INDIA

# CM NAVSARI BETHAK ON VARSAD

રાજ્યમાં પડેલા ભારે વરસાદના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દક્ષિણ ગુજરાતની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જેને લઈને નવસારી-વલસાડના જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓ અને ધારાસભ્યો તથા પદાધિકારીઓ સાથે ભૂપેન્દ્ર પટેલે બેઠક યોજી હતી.

તાજેતરના ભારે વરસાદને કારણે ઉભી થયેલી સ્થિતિમાં વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલ બચાવ-રાહતની કામગીરીની પણ સમીક્ષા કરી હતી. નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેમજ સહાય કામગીરી અંગે જરૂરી દિશાનિર્દેશ પણ અધિકારીઓને આપ્યા હતા.

આ બેઠકમાં કેન્દ્રીયમંત્રી સી.આર.પાટીલ, સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય કનુ દેસાઈ સહિત નેતાઓ હાજર રહ્યા હતા.

## DYCM – SURAT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, અમારી મુખ્ય પ્રાથમિકતા ખાસ કરીને સ્વચ્છતા, સ્વચ્છ પાણી અને આરોગ્ય પર કેન્દ્રિત છે. સુરતમાં આવેલા ભારે વરસાદ અંગે શહેર અને જિલ્લાની સમીક્ષા કરતાં શ્રી સંઘવી ઉમેર્યું કે, આરોગ્ય અંગે ઘરે ઘરે સર્વે પણ શરૂ કરવામાં આવ્યો છે. અમારી ટીમો તમામ પ્રકારની દવાઓ સાથે ઘરે પહોંચી રહી છે.

**BYTE – HARSH SANGHVI, DYCM**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

# CMA RESULTS

ધ ઇન્સ્ટિટયૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા 14 જૂનના રોજ લેવાયેલી CMA ફાઉન્ડેશનનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ ચેપ્ટરમાં 222 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 182 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેથી અમદાવાદ ચેપ્ટરનું પરિણામ 81.98 ટકા આવ્યું છે.

જેમાં મનોજ પટેલનો ઓલ ઈન્ડિયામાં 9મો રેન્ક અને વેસ્ટર્ન રિઝનમાં પહેલો રેન્ક આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં આ વર્ષે CMA ફાઉન્ડેશનનું અમદાવાદ ચેપ્ટરનું પરિણામ સૌથી વધુ આવ્યું છે. તેમજ પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી રહી છે. ICMAI ચેરમેન CMA મિતેશ પ્રજાપતિએ વધુમાં જણાવ્યું હતું

## BYTE – MITESH PRAJAPATI, ICMAI CHAIRMAN

# MANJALPUR BJP CANDIDATE

ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતીએ સતીશ પટેલને માંજલપુર બેઠકના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. ધારાસભ્ય યોગેશ પટેલના નિધન બાદ ખાલી પડેલી વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી માટે ભાજપે સતીષ પટેલને ટિકિટ આપી છે.

સતીષ પટેલ વડોદરા મહાનગરપાલિકાના કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહી ચૂક્યા છે. માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે કુલ 104 દાવેદારોએ ઉમેદવારી નોંધાવી હતી. 14 જુલાઈએ ઉમેદવારીપત્રોની ચકાસણી

કરવામાં આવશે, જ્યારે 16 જુલાઈએ ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો છેલ્લો દિવસ રહેશે. 30 જુલાઈએ મતદાન થશે, જ્યારે 3 ઓગસ્ટે પરિણામ જાહેર કરવામાં આવશે.

## ARJUN MODHVADIYA CII

અમદાવાદમાં CIIના એક કાર્યક્રમમાં રાજ્યના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમના વિસ્તરણ, નીતિગત સુધારાઓ અને ઉદ્યોગસાહસિકતા અને નવીનતાને વેગ આપવા યુવા સશક્તિકરણ પહેલ અંગે પ્રકાશ પાડવામાં આવ્યો હતો. રાજ્યના કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયાએ આ અંગે વધુમાં જણાવ્યું હતું.

**BYTE – ARJUN MODHVADIYA, CABINET MINISTER**

## HAVAMAN

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ બાદ હવે વરસાદનું જોર ઘટ્યું છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. 12 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના પણ આપવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડોક્ટર એકે દાસે વધુ વિગતો આપી....

**BYTE – DR A.K.DAS IMD**

# GLOBAL ENERGY INDEPENDENCE DAY

આજે ગ્લોબલ એનર્જી ઇન્ડિપેન્ડન્સ ડે એટલે કે 'વૈશ્વિક ઊર્જા સ્વાવલંબન દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. દેશની કુલ નવીનીકરણીય ઊર્જા ક્ષમતામાં ગુજરાતનો ફાળો **17.82** ટકા છે. સ્થાપિત ક્ષમતા **50.386** ગીગાવોટ સુધી પહોંચી છે.

રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય બન્યું છે. કુલ સ્થાપિત ક્ષમતામાં **15,850.56** મેગાવોટ પવન ઊર્જા અને **32,302.7** મેગાવોટ સૌર ઊર્જાનો સમાવેશ થાય છે.

એક અહેવાલ સાંભળીએ........

**VC – JAYESH PATEL**

**********************************